# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
## ગાંધીનગર

**ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)**

**(ગુજરાતી માધ્યમ)**

# પ્રશ્નબેંક-2008

## વિષય : મનોવિજ્ઞાન

પ્રકાશક
સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર 10-બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર-382043

# મનોવિજ્ઞાન (141)

## વિભાગ - A

- **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

(1) મુશ્કેલ પરિસ્થિતિમાંથી રસ્તો શોધવાની શક્તિને શું કહે છે ?

(A) ગ્રહણશક્તિ (B) સુઝ

(C) માનસિક સજાગતા (D) હોંશિયાર

(2) બુદ્ધિનો ત્રિપુટી સિદ્ધાંત કોણે આપ્યો છે

(A) સ્ટર્ન બર્ગ (B) ગાર્ડનર

(C) સાયમન (D) જે.પી.દાસ

(3) કેટલો બુદ્ધિઆંક ધરાવતી વ્યક્તિને પ્રતિભાસંપન્ન કહેવાય ?

(A) 70 થી ઓછા (B) 70 થી 100

(C) 100 થી 130 (D) 130 થી વધુ

(4) બુદ્ધિઆંકનો ખ્યાલ કોણે આપ્યો હતો ?

(A) સ્ટર્ને (B) ગાર્ડનરે

(C) બિનેએ (D) ટર્મને

(5) બુદ્ધિનો બહુવિધ સિદ્ધાંત કોણે રજૂ કર્યો ?

(A) સાયમને (B) સ્ટર્ન બર્ગે

(C) ગાર્ડનરે (D) જે.પી. દાસે

(6) માણસની ખૂબ મૂલ્યવાન મૂડી કઈ છે ?

(A) પૈસો (B) તાકાત

(C) બુદ્ધિ (D) ભાષા

(7) પર્યાવરણમાં ઉપજતી ઘટનાઓ ઉપર તરત ધ્યાન રાખી તેનો અર્થ સમજવો એટલે શું ?

(A) માનસિક સજાગતા (B) ચપળતા

(C) સૂઝ (D) વિવેકશક્તિ

(8) નીચેનામાંથી કયા બુદ્ધિના ઉપયોગના પરિણામો છે ?

(A) ચપળતા અને સજાગતા (B) સમજણ અને તર્કક્રિયા

(C) વિવેકશક્તિ અને ગ્રહણ શક્તિ (D) ચતુરાઈ અને ચાલાકી

(9) વ્યક્તિ વધુમાં વધુ બુદ્ધિનો કેટલો વિકાસ સાધીશકે તેની હદ શાના વડે નક્કી થાય છે ?

(A) પર્યાવરણ (B) શાળા

(C) વારસા (D) વ્યક્તિત્વ

(10) સચિન તેંડુલકર, સાનિયા મિર્ઝા જેવા રમતવીરો તેમજ અમિતાભ બચ્ચન, શાહરુખખાન જેવા અભિનેતાઓમાં કેવી બુદ્ધિ જરૂરી છે ?

(A) દૈહિક-શરીરગતિલક્ષી (B) અવકાશીય

(C) વ્યક્તિ અંતર્ગત (D) નૈસર્ગિક

(11) બુદ્ધિ વિશેનો શરીરલક્ષી સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(A) સ્ટર્નબર્ગ (B) ગાર્ડનર

(C) જે.પી. દાસ (D) વેક્સલર

(12) DAT કસોટી સમૂહ વડે કયા ધોરણના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકાય ?

(A) 1 થી 4 (B) 5 થી 7

(C) 8 થી 12 (D) ઉચ્ચ શિક્ષણના

(13) જયેન્દ્રની શારીરિક વય 8 વર્ષની છે અને તેનો બુદ્ધિઆંક 125 છે, તોતેની માનસિક વય કેટલી હશે ?

(A) 6 વર્ષ (B) 8 વર્ષ

(C) 10 વર્ષ (D) 12 વર્ષ

(14) ભારતમાં બંગાળી ભાષામાં પ્રથમ બુદ્ધિ કસોટીની રચના કોણે કરી હતી ?

(A) મહાલનબીસે (B) ડૉ. રાઈસે

(C) ડૉ. કૃષ્ણકાન્ત દેસાઈ (D) ડૉ. કુસુમબેન ભટ્ટ

(15) નવી માહિતી કે વિચારોને સમજવાની શક્તિને શું કહે છે ?

(A) વિવેકશક્તિ (B) માનસિક સજાગતા

(C) હોશિયારી (D) ગ્રહણ શક્તિ

(16) DAT કસોટીઓનું ભારતીય રૂપાંતર કોણે કર્યું છે ?

(A) જે.એમ. ઑઝાએ (B) કૃષ્ણકાન્ત દેસાઈએ

(C) મહાલનબીસે (D) ડૉ.રાઈસે

(17) યોગ્ય અને અયોગ્યનો તફાવત ઓળખવાની શક્તિને શું કહે છે ?

(A) ચતુરાઈ (B) વિવેકશક્તિ

(C) સૂઝ (D) ચપળતા

(18) આપણી બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર કયું છે ?

(A) સ્વ (B) આવેગ

(C) બુદ્ધિ (D) વર્તન

(19) જયારે આપણે આપણામાં હાલ રહેલા ગુણ-દોષો વિચારીએ ત્યારે તે કયો સ્વ કહેવાય ?

(A) કર્તા (B) આદર્શ

(C) સંભવિત (D) વાસ્તવિક

(20) નીચેનામાંથી કયો આદર્શ સ્વ છે ?

(A) હું પ્રવૃત્તિશીલ છું (B) લોકો મારા વિશે અફવાઓ ફેલાવે છે.

(C) મારે કેવા બનવું જોઈએ (D) હું અત્યારે હોશિયાર છું

(21) ભારતીય પરંપરામાં આરંભથી કયા ખયાલો અપાયા છે ?

(A) રૂઢિઓ અને ધોરણો (B) આત્મા અને પરમાત્મા

(C) સ્વ અને જગત (D) આત્મા અને અહંકાર

(22) ઉપજેલી પ્રેરણાની તૃપ્તિને મુલતવી રાખવાનું શીખવું એટલે શું ?

(A) આવેગ નિયમન (B) નિયંત્રણ

(C) સ્વનિયમન (D) શિક્ષણ નિયમન

(23) ''દિન પ્રતિદિન દરેક રીતે હું સુધરતો જાઉં છું'' - આ વિધાન કોનું છે ?

(A) ગાંધીજી (B) એમિલી કુ

(C) વિનોબા ભાવે (D) કાર્લ રોજર્સ

(24) પ્રતિક્રિયા આપવાની જૈવ બાબતો ઉપર આધાર રાખતી લાક્ષણિક શૈલી કઈ છે ?

(A) પ્રકૃતિ (B) મિજાજ

(C) ચારિત્ર્ય (D) વ્યક્તિત્વ

(25) ગાંધીજીમાં અહિંસા તથા હિટલરમાં ધિક્કાર એ કેવાં ગુણો (લક્ષણો) કહેવાય ?

(A) મૂળભૂત (B) કેન્દ્રિય

(C) ગૌણ (D) મર્યાદિત

(26) કયા ગુણો વાળી વ્યક્તિ આવેગો ઉપરનો કાબૂ સહેલાઈથી ખોઈ બેસે છે ?

(A) આવેગની સ્થિરતા (B) મંદમનો વિકાર

(C) બહિર્મુખતા (D) અંતર્મુખતા

(27) વ્યક્તિત્વ ગુણના અભિગમમાં કોના સંશોધનોએ પરિસ્થિતિને મહત્ત્વ આપ્યું છે ?

(A) ઍરિક્સન (B) કેટેલ

(C) આઈઝેન્ક (D) મિશેલ

(28) શાહીના ધાબાની પ્રવિધિ કોણે વિકસાવી છે ?

(A) રોઝેનવાઈગ (B) મરે

(C) રોરશાક (D) મૉર્ગન

(29) કેશ્મર અને શેલ્ડનના મત મુજબ આંતરસ્તર પ્રધાનવાળી વ્યક્તિઓ કેવીહોય છે ?

(A) મિલનસાર (B) કલાપ્રેમી

(C) નેતૃત્વ લેનાર (D) હિંમતવાન

(30) વ્યક્તિત્વના 16 પ્રાથમિક મૂળ ગુણો કોણે શોધ્યા છે ?

(A) ઑલપોર્ટ (B) શેલ્ડને

(C) આઈઝેન્કે (D) કેટલે

(31) મનોગત્યાત્મક અભિગમમાં કોનો ફાળો સૌથી મોટો છે ?

(A) ડૉ. ફ્રૉઈડ (B) આઈઝેન્ક

(C) મિશેન (D) કાર્લ રોજર્સ

(32) ફ્રૉઈડના મત મુજબ અજ્ઞાતમન સમજવાનો રાજમાર્ગ કયો છે ?

(A) દમન (B) સ્વપ્ન

(C) ઊર્ધ્વીકરણ (D) શમન

(33) સ્વ સાર્થકતાનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(A) મહાત્મા ગાંધીએ (B) જે. કૃષ્ણમૂર્તિએ

(C) અબ્રાહમ મેસ્લોએ (D) કાર્લ રોજર્સ

(34) કઈ બચાવપ્રયુક્તિમાં પુરુષોને આકર્ષવા અતિશય ફેશન કરનારી સ્ત્રી પુરુષોની ગંદી નજરની ફરિયાદ કરે છે ?

(A) યૈક્તિકરણ (B) પ્રક્ષેપણ

(C) દમન (D) વિરુદ્ધ પ્રતિક્રિયા

(35) કોના મત મુજબ દરેક વ્યક્તિમાં પસંદ કરવાનીઅને સર્જવાની શક્તિ હોય છે ?

(A) ઍડલર (B) ઍરિકફ્રૉમ

(C) ઍરિક્સન (D) ઑલપોર્ટ

(36) તત્ કયા સિદ્ધાંતને અનુસરે છે ?

(A) વાસ્તવિક (B) વ્યક્તિત્વ

(C) સુખ (D) આદર્શ

(37) વ્યક્તિગત ઘડતરમાંસામૂહિક અચેતન મનની અસરનો ખ્યાલ કોણે આપ્યો ?

(A) યુંગે (B) ઍરિકફ્રૉમે

(C) ઍડલરે (D) હૉર્નીએ

(38) કયા અભિગમે માનવ સ્વભાવનો વિધાયક અને આશાવાદી ખ્યાલ રજૂ કર્યો ?

(A) વ્યક્તિત્વ પ્રકાર (B) વ્યક્તિત્વ ગુણ

(C) મનોગત્યાત્મક (D) માનવવાદી

(39) મૂલ્યાંકનકર્તા મોટેભાગેવચ્ચેની કક્ષાએ જ મૂલ્યાંકન કરે છે. આ ભૂલને શું કહે છે ?

(A) મધ્યવર્તી વલણ (B) બહુલક વલણ

(C) ઉપલક વલણ (D) મધ્યમ માર્ગ

(40) વિષય અધિપ્રત્યક્ષ કસોટીને સંક્ષેપમાં શું કહે છે ?

(A) DAT (B) TAT

(C) PAP (D) MMPI

(41) પ્રક્ષેપણ પ્રવિધિઓ વડે થતું વ્યક્તિત્વ વિશ્લેષણ કયા સિદ્ધાંત પર આધારિત છે ?

(A) વ્યક્તિત્વ ગુણ (B) વ્યક્તિત્વ પ્રકાર

(C) મનોગત્યાત્મક (D) માનવવાદી

(42) 'દ્રાક્ષ ખાટી છે' - કઈ બચાવ પ્રયુક્તિનું ઉદાહરણ છે.

(A) દમન (B) વિરોધીભાવ ધારણા

(C) ઈન્કાર કે અસ્વીકાર (D) યૈક્તિક્કિરણ

(43) નિયમિત રીતે ઉપજતા વર્તનની સમગ્ર તરેહ એટલે શું ?

(A) ચારિત્ર્ય (B) સ્વભાવ

(C) પ્રકૃતિ (D) મિજાજ

(44) ગુણોની સુસંગતતા અંગે કોણે સંશોધનો કર્યા છે ?

(A) રેમન્ડ કેટલે (B) મિશેલે

(C) ગોર્ડન ઑલપોર્ટ (D) આઈઝેન્કે

(45) નીચેનામાંથી કયું પ્રાથમિક જૂથનું દૃષ્ટાંત છે ?

(A) શાળા (B) રાજકીય પક્ષ

(C) કુટુંબ (D) વ્યાવસાયિક જૂથ

(46) જૂથના સભ્યોનું એકબીજાને વળગી રહેવાના વલણને શું કહે છે ?

(A) ધોરણો (B) સંલગ્નતા

(C) જૂથ સંશક્તિ (D) મનોવલણ

(47) કયા નેતાઓ સમાજમાં આમૂલ પરિવર્તનો કે ક્રાંતિ લાવીશકે છે ?

(A) કરિશ્માતી (B) લોકશાહી

(C) આપખુદ (D) મુક્ત

(48) વ્યક્તિની સામાજિક આંતરક્રિયા શેમાં થાય છે ?

(A) ટોળામાં (B) જનસમુદાયમાં

(C) શ્રોતાગણમાં (D) જૂથ

(49) જૂથ સંસક્તિનો અભ્યાસ કઈ પદ્ધતિ દ્વારા થાય છે ?

(A) પ્રક્ષેપણ પ્રયુક્તિ (B) સમાજમિતિ

(C) મૂલ્યકરણ તુલા (D) મનોવૈજ્ઞાનિક કસોટી

(50) ક્યા નેતૃત્વનું મુખ્ય ધ્યેય સર્વજન કલ્યાણનું છે ?

(A) લોકશાહી (B) પોષકકાર્ય

(C) મુક્ત (D) આપખુદ

(51) જૂથની કઈ બાબત સભ્યો વચ્ચેનું આવેગિક જોડાણ દર્શાવે છે ?

(A) સમાનતા (B) સંલગ્નતા

(C) સમીપતા (D) સંસક્તિ

(52) નીચેનામાંથી કયું જૂથ ઔપચારિક જૂથ છે ?

(A) કુટુંબ (B) અંગત મિત્રો

(C) માતાપિતા (D) રાજકીય પક્ષ

(53) સામાજિક કામચોરી અંગેના સંશોધનો કોણે કર્યા છે ?

(A) લૅટનીએ (B) જય બી.પી. સિંહાએ

(C) મિલગ્રામે (D) ઑલપોર્ટ

(54) કયા નેતૃત્વના મુખ્ય લક્ષણોમાં વર્ચસ્વ અને આક્રમકતા હોય છે ?

(A) મુક્ત (B) આપખુદ

(C) પોષક કાર્ય (D) લોકશાહી

(55) કયા પ્રકારનુંનેતૃત્વ જૂથના સભ્યોના વૃદ્ધિ, વિકાસને મદદ કરનારું છે ?

(A) લોકશાહી (B) આપખુદ

(C) પોષક કાર્ય (D) મુક્ત

(56) કયા નેતૃત્વમાં નેતાની ભૂમિકા નિષ્ક્રિય નિરીક્ષકની હોય છે ?

(A) લોકશાહી (B) આપખુદ

(C) પોષક કાર્ય (D) મુક્ત

(57) કયા પ્રકારનું જૂથ વ્યક્તિના જીવનનાં તમામ પાસાઓને સ્પર્શે છે ?

(A) પ્રાથમિક (B) ગૌણ જૂથ

(C) ઔપચારિક જૂથ (D) પરકીય જૂથ

(58) જૂથ બે કે તેથી વધુ વ્યક્તિઓનું બનેલુંકેવું એકમ છે ?

(A) શારીરિક (B) સામાજિક

(C) માનસિક (D) આવેગિક

(59) જૂથ અસ્તિત્વમાં આવવા માટેની અનિવાર્ય શરત કઈ છે ?

(A) સભ્યો વચ્ચેનો પ્રેમ (B) સભ્યો વચ્ચેની આંતરક્રિયા

(C) સભ્યો વચ્ચેનો તાદાત્મ્યભાવ (D) સભ્યો વચ્ચેનો ભૌતિક સંબંધ

(60) કયા જૂથનું સભ્યપદ સ્વખ્યાલમાં અભિવૃદ્ધિ કરે છે ?

(A) સ્વકીય (B) પરકીય

(C) ધ્વૈતીયિક (D) પ્રતિષ્ઠિત

(61) જૂથની એકતા માટેનો અગત્યનો ઘટક કયો છે ?

(A) સંલગ્નતા (B) સમાનતા

(C) સમાન ધ્યેયો (D) જૂથ સંસક્તિ

(62) શાને લીધે વિશાળ ગૌણ જૂથો વધારે સ્થિર બને છે ?

(A) આત્મીયતા (B) ઔપચારિકતા

(C) વિશાળતા (D) ધોરણો

(63) કયા સંશોધકે પોષકકાર્ય નેતૃત્વ શૈલીનો ઉલ્લેખ કર્યો છે ?

(A) જે.એફ. કેનેડી (B) એફ.એચ. ઑલપોર્ટ

(C) જય બી.પી. સિંહા (D) લેટની

(64) કયા નેતૃત્વને ‘Laissez-faire’ કહેવામાં આવે છે ?

(A) પોષકકાર્ય (B) મુક્ત

(C) કરિશ્માતી (D) રૂપાંતરલક્ષી

(65) રૂપાંતરલક્ષી નેતૃત્વવાળા નેતાઓ અનુયાયીઓ સમક્ષ કેવું દૃષ્ટિબિંદુ રજૂ કરે છે ?

(A) પ્રેરણાદાયક (B) આવેગિક

(C) સામાજિક (D) લાભદાયક

(66) શિક્ષણની કઈ પદ્ધતિ દ્વારા વિધાયક મનોવલણ વિકાસ પામે છે ?

(A) શાસ્ત્રીય અભિસંધાન (B) ક્રિયાત્મક અભિસંધાન

(C) નિરીક્ષણાત્મક શિક્ષણ (D) શાબ્દિક શિક્ષણ

(67) મનોવલણની પ્રચલિત તુલા પદ્ધતિઓ કોણે વિકસાવી હતી ?

(A) થર્સ્ટોને (B) ફ્રીત્ઝ હાઈડરે

(C) મુઝાફર શેરીફ (D) વિનરે

(68) સંમિલિત મૂલ્યકરણ તુલાની રચના કોણે કરી છે ?

(A) બોગાર્ડસે (B) પાવલોવે

(C) લિકર્ટે (D) થર્સ્ટોને

(69) નીચેનામાંથી આરોપણના સિદ્ધાંતના સ્થાપક કોણ છે ?

(A) મુઝાફરશેરીફ (B) વિનર

(C) ફ્રીત્ઝ હાઈડર (D) થર્સ્ટોન

(70) પૂર્વગ્રહ બાહ્યવર્તનમાં અભિવ્યક્ત થાય ત્યારે શું કહેવાય ?

(A) કાર્યાત્મકતા (B) ભેદભાવ

(C) આંતરસંબંધ (D) રૂઢ ખ્યાલો

(71) ચોક્કસ પદાર્થ પ્રત્યે વિધાયક કે નિષેધક રીતે પ્રતિક્રિયા કરવાની પૂર્વવૃત્તિને શું કહે છે ?

(A) મનોવલણ (B) પૂર્વગ્રહ

(C) સામાજિક બોધન (D) આંતરજૂથ સંઘર્ષ

(72) નીચેનામાંથી કઈ બાબત આંતર વૈયક્તિક અંતર સર્જે છે ?

(A) વિધાયક મનોવલણ (B) નિષેધક મનોવલણ

(C) સામાજિક જૂથો (D) રૂઢ ખ્યાલો

(73) મનોવલણનું કયું ઘટક વિષયવસ્તુ પ્રત્યેની વ્યક્તિની માન્યતા દર્શાવે છે ?

(A) વાર્તનિક (B) ક્રિયાત્મક

(C) ભાવાત્મક (D) બોધાત્મક

(74) 'ખોવાયેલ પત્ર'ની ટેકનિક એ શાનું ઉદાહરણ છે ?

(A) મનોવલણ સર્વેક્ષણ (B) મૂલ્યકરણ તુલાઓ

(C) વાર્તનિક માપન (D) પરોક્ષ માપન

(75) 'સુરતીઓ લહેરી હોય છે' - આ આ દૃષ્ટાંત કઈ બાબત સાથે સંકળાયેલ છે ?

(A) પરંપરા (B) માન્યતા

(C) રૂઢ ખ્યાલો (D) રિવાજો

(76) આપણી જાત અને આપણા પર્યાવરણ વચ્ચે ચાલતી આંતરક્રિયાનું કયું પરિણામ છે ?

(A) હતાશા (B) સંઘર્ષ

(C) સમાયોજન (D) કુસમાયોજન

(77) જીવનમાં આવતા તમામ પડકારોને પહોંચી વળવામાં વ્યક્તિ શું અનુભવે છે ?

(A) હતાશા (B) સંઘર્ષ

(C) દબાણ (D) મનોભાર

(78) નીચેનામાંથી સામાજિક મનોભારકનું દૃષ્ટાંત કયું છે ?

(A) ઘોંઘાટ (B) પસ્તાવો

(C) આઘાત (D) એકલતા

(79) 'સામનો કે પલાયન'ની પ્રતિક્રિયાની ઓળખ કોણે આપી ?

(A) પારલોવ (B) વૉલ્ટર કેનન

(C) વિલિયમ જેમ્સ (D) હાન્સ સેલી

(80) 'મનોભારના કેન્દ્ર' તરીકે મગજનો કયો ભાગ ઓળખાય છે ?

(A) મધ્ય મગજ (B) લંબમજ્જા

(C) હાઈપોથેલેમસ (D) મસ્તિષ્ક છાલ

(81) કયા પ્રકારનો મનોભારની નિષેધક અસરથી સૌથી તીવ્ર અનેહાનિકારક હોય છે ?

(A) મોટા આઘાતજનક બનાવો (B) રોજિંદીકડાકૂટ

(C) તાજેતરની ઘટનાઓ (D) રોજબરોજની મુશ્કેલીઓ

(82) કયા મનોભારનું ઉદ્‌ગમસ્થાન આંતરિક હોય છે ?

(A) પર્યાવરણજન્ય (B) કૌટુંબિક

(C) સામાજિક (D) મનોવૈજ્ઞાનિક

(83) નીચેનામાંથી પ્રવૃત્તિનું પ્રેરકબળ કયું છે ?

(A) ચિંતા (B) હતાશા

(C) જરૂરિયાતો (D) સંઘર્ષ

(84) કઈ પ્રતિક્રિયાથી આવેગાત્મક મનોભાર અને પીડામાં રાહત થાય છે ?

(A) હસવું (B) રડવું

(C) ઊંઘવું (D) લખવું

(85) કઈ પ્રવિધિમાં વ્યક્તિ મનોભારક સાથે પ્રત્યક્ષ કામ પાર પાડે છે ?

(A) સમસ્યા કેન્દ્રિત (B) આવેગ કેન્દ્રિત

(C) બચાવ પ્રયુક્તિઓ (D) અહમ્ કેન્દ્રિત

(86) અંતઃસ્ત્રાવી ગ્રંથિઓનો અભ્યાસી કોણ હતો ?

(A) પાવલૉવ (B) હાન્સ સેલી

(C) વૉલ્ટર કેનન (D) રિચાર્ડ લેઝારસ

(87) પસ્તાવો, આઘાત વગેરે કયા પ્રકારના મનોભારક કહેવાય ?

(A) બાહ્ય પર્યાવરણ જન્ય (B) શારીરિક

(C) સામાજિક (D) મનોવૈજ્ઞાનિક

(88) નીચેનામાંથી કયું સામાજિક મનોભારક નથી ?

(A) તંગ સંબંધો (B) એકલતા

(C) ભીડ (D) વેરભાવના સેવતાં પાડોશીઓ

(89) મૂલ્યાંકનને બે તબક્કામાં કોણે વર્ગીકૃત કર્યા છે ?

(A) હાન્સ સેલી (B) રિચાર્ડ લૅઝારસ

(C) સ્કિનર (D) વૉલ્ટર કેનન

(90) કયા શરીર વૈજ્ઞાનિકે સ્વયં સંચાલિત ચેતાતંત્રની સમગ્ર પ્રક્રિયાનું વૈજ્ઞાનિક વર્ણન કર્યું છે ?

(A) વૉલ્ટર કેનન (B) રિચાર્ડ લૅઝારસ

(C) હાન્સ સેલી (D) સ્કિનર

(91) કઈ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ શંકાશીલ, અવિશ્વાસુ જોવા મળે છે ?

(A) સ્વપરાભવક વ્યક્તિત્વવાળા (B) પરાવલંબી વ્યક્તિત્વવાળા

(C) નિષ્ક્રિય આક્રમક વ્યક્તિત્વવાળા (D) વ્યામોહાત્મક વ્યક્તિત્વવાળી

(92) નીચેનામાંથી કયું પૂર્વ પ્રવર્તકનું દૃષ્ટાંત છે ?

(A) બાલ્યાવસ્થાના અનુભવો (B) પ્રેમમાં નિષ્ફળતા

(C) ધંધામાં ખોટ (D) નજીકની વ્યક્તિનું અચાનક મૃત્યુ

(93) કઈ વિકૃતિ પ્રેશર કૂકરમાંથી અચાનક નીકળતી વરાળ જેવી છે ?

(A) અનિવાર્ય વિચાર દબાણ (B) ભયભીત વિકૃતિ

(C) મનોદશાની વિકૃતિ (D) છિન્ન મનોવિકૃતિ

(94) કઈ વિકૃતિને 'મુક્ત રીતે તર્યા કરતી ચિંતા'ના નામે પણ ઓળખવામાં આવે છે ?

(A) સામાન્યીકૃત વિકૃત ચિંતા (B) અનિવાર્ય વિચાર દબાણ

(C) વિકૃતભય (D) ખિન્નતા

(95) 'કેટલીક વ્યક્તિઓ જાહેરમાં પ્રવચન કરતી વખતે ભય અનુભવે છે' - આ કઈ વિકૃતિ છે ?

(A) ખુલ્લી જગ્યાનો ભય (B) વિશિષ્ટ ભય

(C) સામાજિક વિકૃત ભય (D) પરિસ્થિતિજન્ય વિકૃત ભય

(96) ખરેખર ન હોય તેવા અવાજો સંભળાય છે - આ લક્ષણ કઈ વિકૃતિનું છે ?

(A) છિન્ન મનોવિકૃતિ (B) ખિન્નતા સંબંધી વિકૃતિ

(C) દ્વિધ્રુવી વિકૃતિ (D) વર્તન સંબંધી વિકૃતિ

(97) નૈસર્ગિક પર્યાવરણ સાથે સંબંધિત વિકૃતિભયનું વર્ગીકરણ કોણે કર્યું છે ?

(A) હિર્શફેલ્ડ (B) ફેડરીક

(C) જેફરસન (D) મોનિઝ

(98) રેલ્વે, ટ્રેન, ઍરોપ્લેન વગેરેના ભયનો સમાવેશ કયા પ્રકારના ભયમાં થાય છે ?

(A) ઈજા સંબંધી (B) પરિસ્થિતિ જન્ય

(C) પ્રાણીઓ સાથે સંકળાયેલા ભય (D) પર્યાવરણ જન્ય

(99) વારંવાર હાથ ધોયા કરવા - આ કઈ વિકૃતિ કહેવાય ?

(A) પરિસ્થિતિ જન્ય (B) મનોદશાની

(C) અનિવાર્ય ક્રિયા દબાણ (D) ખિન્નતા સંબંધી

(100) સામાજિક વિકૃતભય પૌગંડાવસ્થા દરમ્યાન વિકસે છે તેવો મત કોનો છે ?

(A) મોનિઝ (B) ફેડરીક

(C) હિર્શફેલ્ડ અને જેફરસન (D) એટ્‌કિન્સન અને એટ્‌કિન્સન

(101) નીચેનામાંથી કયો મનોરોગ ગંભીર પ્રકારનો છે ?

(A) ખિન્નતા સંબંધી (B) છિન્ન મનોવિકૃતિ

(C) વિષણ્ણમનસ્ક (D) દ્વિધ્રુવી વિકૃતિ

(102) કઈ વિકૃતિ ધરાવનાર વ્યક્તિ પોતાનાં હિતોનો અતિશય ભોગ આપી દે છે ?

(A) પરાવલંબી (B) વ્યામોહાત્મક

(C) દંભી વ્યક્તિત્વવાળા (D) સ્વપરાભવક

(103) કેટલીક વ્યક્તિઓ ટ્રાફિક જોઈને હેબતાઈ જાય છે - આ કયા પ્રકારનો ભય છે ?

(A) ખુલ્લી જગ્યાનો ભય (B) પરિસ્થિતિજન્ય વિકૃતિ ભય

(C) નૈસર્ગિક વિકૃત ભય (D) સામાજિક વિકૃત ભય

(104) કઈ વિકૃતિમાં ખિન્નતા અને ઉન્મત્તતા બંનેના તબક્કાઓ જોવા મળે છે ?

(A) વિષણ્ણ મનસ્ક (B) દ્વિધ્રુવી વિકૃતિ

(C) છિન્ન મનોવિકૃતિ (D) આત્મરત વિકૃતિ

(105) આત્મરત વિકૃતિના લક્ષણો કઈ અવસ્થાથી દેખાય છે ?

(A) નવજાત શિશુ અવસ્થાથી (B) બાલ્યાવસ્થાથી

(C) તરુણાવસ્થાથી (D) યુવાવસ્થાથી

(106) ઈ.સ. 1935માં વ્યાવસાયિક રીતે મગજના ખંડની વાઢકાપના શરૂઆત કોણે કરી ?

(A) સ્ટ્રેન્જૅ (B) કિસકરે

(C) મૉનિઝે (D) ફ્રૉઈડે

(107) મનોગત્યાત્મક ઉપચાર પદ્ધતિની શરૂઆત કોણે કરી ?

(A) કિસકર (B) ફ્રૉઈડ

(C) ટર્મન (D) સ્ટ્રેન્જ

(108) કોણે યોગની સમજૂતી ‘યોગસૂત્ર’માં વ્યવસ્થિત રીતે આપી છે ?

(A) મહર્ષિ અરવિંદ (B) મહર્ષિ પતંજલિ

(C) મહેશ યોગી (D) ઑશો રજનીશ

(109) જે.બી. વૉટ્સને મનોરોગના ઉપચારમાં કયા સિદ્ધાંતનો ઉપયોગ કર્યો ?

(A) મનોગત્યાત્મક (B) જૈવ તબીબી

(C) અભિસંધાન (D) બોધાત્મક

(110) આરંભના તબક્કામાં મનોપચારક દર્દી સાથે શાનું સ્થાપન કરે છે ?

(A) પુનઃ શિક્ષણ (B) અભિસંધાન

(C) પ્રેરણા (D) સાયુજ્ય

(111) નીચેનામાંથી કઈ ઉપચાર પદ્ધતિ જૈવ તબીબી ઉપચાર નથી ?

(A) વિદ્યુત આંચકા (B) ઔષધીય

(C) જૈવ પ્રતિપુષ્ટિ (D) ઈન્સ્યુલિન ઉપચાર

(112) મન અને શરીરને સ્થિર કરનાર ચોક્કસ પ્રકારની શારીરિક સ્થિતિની તરેહને શું કહે છે ?

(A) આસન (B) યમ

(C) નિયમ (D) પ્રાણાયામ

(113) કઈ ઉપચાર પદ્ધતિની શરૂઆત કરનારાઓમાં ઍલિસ અને બૅકને મુખ્ય ગણાવી શકાય ?

(A) વાર્તનિક (B) બોધાત્મક

(C) મનોગત્યાત્મક (D) જૈવ તબીબી

(114) મનોગત્યાત્મક ઉપચારને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) ઈન્સ્યુલિન (B) વર્તન ઉપચાર

(C) બોધાત્મક (D) મનોવિશ્લેષણ

(115) ધ્યાન કરનાર અને ધ્યાનના ઉદ્દીપક બંનેનું એકીકરણ એટલે શું ?

(A) પ્રત્યાહાર (B) સમાધિ

(C) ધ્યાન (D) ધારણા

(116) અંગત જીવનમાં ઊણપઅને સામાજિક સંઘર્ષોમાં વધારો એ શેનું મહત્ત્વનું પરિણામ છે ?

(A) ગીચતા (B) કુદરતી આપત્તિ

(C) ભીડ (D) માનવસર્જિત આપત્તિ

(117) કોણે જીવન અવકાશનો ખ્યાલ આપ્યો છે ?

(A) બ્રેનરે (B) કર્ટ લેવિને

(C) વોટ્સને (D) ન્યૂટને

(118) હવામાં કયા વાયુનું પ્રમાણ ઓછું થાય તે માટે વધુ વૃક્ષો ઉછેરવા જોઈએ ?

(A) મિથેન (B) નાઈટ્રોસ ઑક્સાઈડ

(C) કાર્બન ડાયોક્સાઈડ (D) ક્લૉરો ફ્લુરો કાર્બન

(119) કયા પર્યાવરણમાં આબોહવા, ઉષ્ણ તાપમાન વગેરેનો સમાવેશ થાય છે ?

(A) માનવસર્જિત (B) સામાજિક

(C) સાંસ્કૃતિક (D) ભૌતિક

(120) કયો દેશ પૃથ્વી પરની વ્યાવસાયિક ઊર્જામાંથી પચ્ચીસટકા ઊર્જા વાપરે છે ?

(A) ભારત (B) અમેરિકા

(C) રશિયા (D) ચીન

(121) 2100ની સાલમાં પૃથ્વી પરની સપાટી પર સરેરાશ કેટલી ડિગ્રી ફેરનહીટ તાપમાન વધશે ?

(A) 2.5 (B) 3.5

(C) 4.5 (D) 5.5

(122) કયું પ્રદૂષણ ધ્યાનની એકાગ્રતા પર અસર કરે છે ?

(A) હવા (B) ઘોંઘાટ

(C) ભીડ (D) ગીચતા

(123) ધોરણો, રિવાજો, સામાજિકરણની પ્રક્રિયાઓ વગેરેનોસમાવેશ કયા પર્યાવરણમાં થાય છે ?

(A) ભૌતિક (B) સામાજિક

(C) નૈસર્ગિક (D) માનવસર્જિત

(124) લેવિનના મત મુજબ વ્યક્તિના વર્તનને નિર્ધારિત કરતી સમગ્ર મનોવૈજ્ઞાનિક વાસ્તવિકતા શું છે ?

(A) પર્યાવરણ (B) બાહ્ય વિસ્તાર

(C) જીવન અવકાશ (D) ઘટનાઓ

(125) રેફ્રિજરેટરમાં શાનો ઉપયોગ થાય છે ?

(A) કાર્બન ડાયોક્સાઈડ (B) ઈથર

(C) કૉમ્પ્રેસડ નેચરલ ગેસ (D) ક્લૉરોફ્લુરો કાર્બન

(126) કઈ સંરચનાને 'સપાટ સંરચના' કહે છે ?

(A) સમચોરસીય (B) સરળ

(C) અમલદારશાહી (D) લોકશાહી

(127) ઍન્જિન ઈંધણ હોય ત્યાં સુધી ચાલે આ સ્થિતિને કયા તંત્ર તરીકે ઓળખવામાં આવે છે ?

(A) બંધતંત્ર (B) સંસ્થા

(C) ખુલ્લુ તંત્ર (D) સંરચના

(128) અસરકારક ધ્યેયપ્રાપ્તિ માટે શું આવશ્યક છે ?

(A) ભરતી (B) આયોજન

(C) નિયંત્રણ (D) સંગઠન

(129) આધુનિક સમયમાં મોટાભાગની સંસ્થાઓમાં કઈ સંરચના પ્રચલિત છે ?

(A) અમલદારશાહી (B) સમચોરસીય

(C) સરળ (D) સપાટ

(130) એક અંદાજ અનુસાર આજે બાળક સરેરાશ વર્ષ દીઠ કેટલી જાહેરાતો જુએ છે ?

(A) 200 (B) 2000

(C) 20,000 (D) 2,00,000

(131) નીચેનામાંથી બીજી કક્ષાની સામાજિક સમસ્યા કઈ છે ?

(A) ગંદા વસવાટો (B) માંદગી

(C) ગરીબાઈ (D) બાળ ગુનેગાર

(132) રાષ્ટ્રીયતાનું મૂળ કયું છે ?

(A) સહયોગી સંબંધો (B) સમાન મોભાની ખાતરી

(C) જૂથનું તાદાત્મ્ય (D) સંલગ્નતાની લાગણી

(133) નીચેનામાંથી કઈ સમસ્યા નાગરિકોના વર્તન અંગેની છે ?

(A) કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મુશ્કેલી (B) રાષ્ટ્રીય ચારિત્ર્યનો અભાવ

(C) લોકોની આળસવૃત્તિ (D) વિદેશી લોકોની અસરો

(134) કયા માધ્યમે દુનિયાના ખૂણે ખૂણેથી માહિતીના દરવાજાખોલી દીધા છે ?

(A) ટી.વી. (B) વર્તમાન પત્રો

(C) સામાયિકો (D) ઈન્ટરનેટ

(135) કોણે તેહરીબંધ યોજનાને પર્યાવરણનું નિકંદન કાઢનારી ગણી છે ?

(A) મેધા પાટકર (B) મલ્લિકા સારાભાઈ

(C) સુંદરલાલ બહુગુણા (D) બાબાઆમ્ટે

(136) કઈ પ્રેરણાનીચી હોવાને લીધે ગરીબ વ્યક્તિ તેના ગજા બહારનું જોખમ લે છે ?

(A) શારીરિક (B) માનસિક

(C) સિદ્ધિ (D) સત્તા

(137) ભ્રષ્ટાચાર એ સામાજિક સમસ્યા કયા દષ્ટિબિંદુથી કહેવાય ?

(A) મૂલ્યલક્ષી (B) વસ્તુલક્ષી

(C) આત્મલક્ષી (D) કાર્યાત્મક

(138) કયા દષ્ટિબિંદુ પ્રમાણે આતંકવાદી સંગઠનો એ સામાજિક સમસ્યા છે ?

(A) કાર્યાત્મક (B) વસ્તુલક્ષી

(C) આત્મલક્ષી (D) મૂલ્યલક્ષી ધોરણાત્મક

(139) કઈ સમસ્યા તુલનાત્મક આર્થિક ખ્યાલ છે ?

(A) વંચિતતા (B) શહેરીકરણ

(C) સામાજિક ગેરલાભ (D) ગરીબાઈ

(140) નીચેનામાંથી સરકારી સમસ્યાઓ કઈ છે ?

(A) ગંદકી (B) ગરીબાઈ

(C) સંસાધનોની વહેંચણીમાં વ્યક્તિગત અન્યાય (D) બેકારી

(141) કયા દષ્ટિબિંદુ પ્રમાણે જનસંપર્કનાં ઘણાં માધ્યમોમાં દર્શાવાતી ‘અર્ધનગ્નતા’ને સામાજિક સમસ્યા ગણી શકાય ?

(A) આત્મલક્ષી (B) વસ્તુલક્ષી

(C) મૂલ્યલક્ષી ધોરણાત્મક (D) કાર્યાત્મક

(142) નીચેનામાંથી કઈ પ્રગટ સમસ્યા છે ?

(A) ગરીબી (B) જનસંપર્કનાં માધ્યમો

(C) અવાજનું પ્રદૂષણ (D) અતિશય વસ્તી

(143) કયા પર્યાવરણવાદી 'ચીપકો' આંદોલન ચલાવે છે ?

(A) સુંદરલાલ બહુગુણા (B) વિનોબા ભાવે

(C) મેધા પાટકર (D) બાબા આમ્ટે

(144) 'સેવા' નામનું સ્વરોજગાર કરતી સ્ત્રીઓનું સહકારી મંડળ કયા રાજ્યમાં છે ?

(A) ગુજરાત (B) બિહાર

(C) મહારાષ્ટ્ર (D) ઉત્તરપ્રદેશ

(145) પાયાની જરૂરતો સંતોષવાની સમસ્યા કઈ છે ?

(A) સલામતીની (B) ભૂખની

(C) બેકારી (D) નબળું અર્થતંત્ર

(146) કસોટીકરણમાં સંચાલન કરનાર અધિકારીને શું કહે છે ?

(A) સલાહાર્થી (B) વિતરક

(C) સલાહકાર (D) પરીક્ષક

(147) મનોમાપનના આદ્યસ્થાપક કોણ છે ?

(A) ફ્રાન્સિસ બૅકન (B) ફ્રાન્સિસ વૉલ્ટર

(C) વૉલ્ટર કેનન (D) ફ્રાન્સિસ ગાલ્ટન

(148) મુંઝાયેલી વ્યક્તિને શું કહેવામાં આવે છે ?

(A) કસોટીકાર (B) ઉમેદવાર

(C) સલાહાર્થી (D) સલાહકાર

(149) અર્થનું સંક્રમણ અને તેની સમજણ શેમાં અભિપ્રેત છે ?

(A) કાર્યસ્થળ (B) મનોમાપન

(C) પ્રેરણા (D) પ્રત્યાયન

(150) મૂંઝવણ અનુભવતી વ્યક્તિને સલાહ આપવાનું કાર્ય કોણ કરે છે ?

(A) સલાહકાર (B) કસોટીકાર

(C) કેળવણીકાર (D) ઉમેદવાર

(151) મનોવૈજ્ઞાનિક લક્ષણો માપવા માટેની મનોવિજ્ઞાનની શાખાને શું કહે છે ?

(A) ચિકિત્સા (B) સલાહ

(C) સંગઠન (D) મનોમાપન

(152) સલાહકાર સલાહાર્થી પ્રત્યે કઈ લાગણી બતાવીતેનો વિશ્વાસ જીતી શકે છે ?

(A) આદર (B) સત્કાર

(C) પરાનુભૂતિ (D) માન

(153) મનોવિજ્ઞાનિઓના મત મુજબ મુલાકાત વિશેના પચાસટકા નિર્ણયો ક્યારે લેવાઈ જાય છે ?

(A) પ્રથમ આઠ મિનિટમાં (B) પ્રથમ આઠ સેકન્ડમાં

(C) મુલાકાતને અંતે (D) પછીની પંદર મિનિટમાં

(154) મૂળભૂત રીતે વર્તનના નમૂનાનું વસ્તુલક્ષી અને પ્રમાણિત માપ એટલે શું ?

(A) મુલાકાત (B) નિરીક્ષણ

(C) મનોવૈજ્ઞાનિક કસોટી (D) પરિણામ

(155) નીચેનામાંથીકયું પ્રત્યાયન બિનશાબ્દિક નથી ?

(A) ચહેરા ઉપરના હાવભાવો (B) ઉદ્‌ગારો કરવા

(C) હાથપગનું હલનચલન (D) આંખ દ્વારા સંપર્ક

(156) કેવા પ્રકારની મુલાકાતમાં તેનું માળખું બહુ લચીલું હોય છે ?

(A) અરચિત (B) પૂર્વ નિશ્ચિત

(C) રચિત (D) આયોજિત

(157) કઈ તુલા ચોક્કસ વસ્તુ, વ્યક્તિ કે લક્ષણની ઓળખ માટે જ પ્રયોજાય છે ?

(A) નામલક્ષી (B) ગુણોત્તરલક્ષી

(C) મધ્યાંતરલક્ષી (D) ક્રમલક્ષી

(158) વર્ગમાં વિદ્યાર્થીઓને રોલનંબર આપવા માટે કઈ તુલાનો ઉપયોગ થાય છે ?

(A) નામલક્ષી (B) ક્રમલક્ષી

(C) મધ્યાંતરલક્ષી (D) ગુણોત્તરલક્ષી

(159) પ્રાથમિક સ્તરની માપનતુલા કઈ છે ?

(A) ગુણોત્તરલક્ષી (B) નામલક્ષી

(C) મધ્યાંતરલક્ષી (D) ક્રમલક્ષી

(160) બધી જ માપનતુલાઓમાં સૌથી વધુ ચોક્સાઈ ધરાવતું અને અસરકારક માપનવાળી તુલા કઈ છે ?

(A) મધ્યાંતરલક્ષી (B) ગુણોત્તરલક્ષી

(C) ક્રમલક્ષી (D) નામલક્ષી

(161) બે ચલ વચ્ચેના સંબંધને શું કહે છે ?

(A) પ્રમાણ વિચલન (B) મધ્યસ્થ

(C) મધ્યક (D) સહસંબંધ

(162) સહસંબંધના સંખ્યાત્મક માપને શું કહે છે ?

(A) સહસંબંધાક (B) પ્રમાણ વિચલન

(C) વિસ્તાર (D) મધ્યક

(163) આલેખ સપ્રમાણ લાગે તે રીતે દોરવા સામાન્ય રીતે આલેખની ઊંચાઈ તેની પહોળાઈના કેટલા ટકા જેટલી હોવી જોઈએ ?

(A) 50 (B) 55

(C) 70 (D) 75

(164) બુદ્ધિમાપન અને બુદ્ધિકસોટી એ કઈ તુલાનું ઉદાહરણ છે ?

(a) મધ્યાંતરલક્ષી (B) ક્રમલક્ષી

(C) નામલક્ષી (D) ગુણોત્તરલક્ષી

(165) વર્ગમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણને આધારે તેમને ક્રમમાં ગોઠવવા કઈ તુલાનો ઉપયોગ થાય છે ?

(a) ગુણોત્તરલક્ષી (B) નામલક્ષી

(C) ક્રમલક્ષી (D) મધ્યાંતરલક્ષી

(166) પ્રમાણ વિચલનને કઈ સંજ્ઞા દ્વારા દર્શાવવામાં આવે છે ?

(a) $(\sigma)$ (B) $\Sigma x$

(C) $(\bar{x})$ (D) Cf

(167) નામલક્ષીમાપનો કયા મનોવૈજ્ઞાનિકો માટે ઉપયોગી છે ?

(a) ઉદ્યોગલક્ષી (B) પર્યાવરણલક્ષી

(C) સમાજલક્ષી (D) સંગઠનલક્ષી

(168) મધ્યક માટેની સંજ્ઞા કઈ છે ?

(a) N (B) $\Sigma x$

(C) $(\bar{x})$ (D) X

(169) મધ્યવર્તી સ્થિતિના પ્રાપ્તાંકોની શ્રેણીમાં કયો પ્રાપ્તાંક એવો છે, જેની નીચે અડધા પ્રાપ્તાંક અને ઉપર અડધા પ્રાપ્તાંકરહેલા હોય છે ?

(a) મધ્યક (B) મધ્યસ્થ

(C) બહુલક (D) પ્રમાણ વિચલન

(170) મધ્યવર્તી સ્થિતિના કયા માપને સરાસરી પણ કહે છે ?

(a) સહસંબંધ (B) બહુલક

(C) મધ્યસ્થ (D) મધ્યક

(171) પ્રાપ્તાંકોની શ્રેણીમાં જે પ્રાપ્તાંક સૌથી વધુ વખત આવ્યો હોય તેને શું કહેવામાં આવે છે ?

(a) મધ્યક (B) મધ્યસ્થ

(C) પ્રમાણ વિચલન (D) બહુલક

(172) આવૃત્તિ માટે કઈ સંજ્ઞા વાપરવામાં આવે છે ?

(a) N (B) f

(C) x (D) $\Sigma$

•••

## વિભાગ-B

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) પ્રતિભાસંપન્ન બાળકમાં કયા પ્રકારની સમસ્યાઓ વધારે હોય છે ?

(2) સર્જક બુદ્ધિ કયું કાર્ય કરે છે ?

(3) બુદ્ધિના અર્થમાં કયા-કયા શબ્દો વપરાય છે ?

(4) માનસિક સજાગતા એટલે શું ?

(5) વિશાળ અર્થમાં બુદ્ધિ એટલે શું ?

(6) સ્ટર્ન બર્ગે બુદ્ધિના કયા ત્રણ પ્રકાર દર્શાવ્યા છે ?

(7) ટર્મને આપેલી બુદ્ધિની વ્યાખ્યા જણાવો.

(8) ચપળતા એટલે શું ?

(9) માનસિક વય એટલે શું ?

(10) માનવીની ખૂબ મૂલ્યવાન મૂડી કઈ છે ?

(11) સર્જક બુદ્ધિ કોને કહેવાય ?

(12) કોઈ પણ યંત્રોના સમારકામ કરવામાં વ્યક્તિની સફળતાની આગાહી કરવા કઈ કસોટી આપવી જોઈએ ?

(13) વૅક્સલરે આપેલી બુદ્ધિની વ્યાખ્યા લખો.

(14) સાંગીતિક બુદ્ધિનો ઉપયોગ ક્યાં થાય છે ?

(15) બુદ્ધિના આધુનિક અભિગમો કેટલા છે ? કયા કયા ?

(16) સૌપ્રથમ વ્યક્તિગત બુદ્ધિકસોટીની રચના કોણે અને ક્યારે કરી હતી ?

(17) ગુજરાતી ભાષામાં બુદ્ધિકસોટીનીસૌ પ્રથમ રચના કોણે કરી હતી ?

(18) ભાષાકીય બુદ્ધિ કેવાં કાર્યોમાં સક્રિય હોય છે ?

(19) અવકાશીય બુદ્ધિ કોનામાં વધુ હોવી જરૂરી છે ?

(20) બુદ્ધિઆંક શોધવાનું સૂત્ર લખો.

(21) દત્તક લીધેલા બાળકો તેમના મૂળ મા-બાપ સાથે કયું સામ્ય ધરાવે છે ?

(22) બુદ્ધિના કયા ઘટકોશીખવામાં ભાગ ભજવે છે ?

(23) બુદ્ધિ કસોટીઓ કયા ઘટકોને માપે છે ?

(24) સમકાલીન અને ક્રમિક ચેતાક્રિયાઓ મગજના કયા ભાગોમાં થાય છે ?

(25) જો કોઈ બાળકની શારીરિક અને માનસિક વય સરખી હોય તો તેનો બુદ્ધિઆંક કેટલો હોય ?

(26) સંપન્ન વ્યક્તિ કોને કહેવાય ?

(27) જૉસેફ રેનઝુલે પ્રતિભા સંપન્નતાના કયા ત્રણ ઘટકો સૂચવ્યા છે ?

(28) બુદ્ધિની મંદતાની ચાર કક્ષાઓ જણાવો.

(29) મહત્ત્વની અભિયોગ્યતાઓ જણાવો.

(30) વિશિષ્ટ શક્તિઓનું માપન કરતી કસોટીને શું કહે છે ?

(31) હિગિન્સે જણાવેલા સ્વના પ્રકારો લખો.

(32) આદર્શ સ્વ' કોને કહેવાય ?

(33) ભારતનો જિતેન્દ્રિય વ્યક્તિનો ખ્યાલ શું સૂચવે છે ?

(34) સ્વભાવ કે મિજાજ એટલે શું ?

(35) ઑલપોર્ટ વ્યક્તિત્વ ગુણોના કયા ત્રણ પ્રકારો આપ્યા છે ?

(36) ઉપરી અહમ્ વ્યક્તિમાં દોષની લાગણી ઉપજાવી, સજા ક્યારે કરે છે ?

(37) તત્‌નું કાર્ય જણાવો.

(38) ચિંતાના ત્રણ પ્રકારો જણાવો.

(39) ઉર્ધ્વીકરણ કોને કહેવાય ?

(40) સ્વપ્નના વિષયના પ્રકાર કેટલા છે ? કયા કયા ?

(41) મોડો આવેલ વિદ્યાર્થી સાયકલમાં પંચર પડ્યું તેમ જણાવી શિક્ષામાંથી બચી જાય છે... આ કયા પ્રકારની બચાવ પ્રયુક્તિ કહેવાય ?

(42) યુંગે વ્યક્તિત્વના કેટલા પાસાં બતાવ્યા છે ? કયા કયા ?

(43) ફ્રૉઈડના મનોગત્યાત્મક સિદ્ધાંતની કોના પર જબ્બર અસર પડી છે ?

(44) સ્વસાર્થકતા એટલે શું ?

(45) મૂલ્યકરણ તુલાઓનો ઉપયોગ કયા ક્ષેત્રે વ્યાપક રીતે થાય છે ?

(46) વ્યક્તિત્વની વ્યાખ્યા આપો.

(47) ચારિત્ર્ય એટલે શું ?

(48) કઈ ક્રિયાઓ વડે સ્વનિયમન થઈ શકે છે ?

(49) સ્થગિતતા એટલે શું ?

(50) 'સ્વ' વિશેનું ભારતીય પ્રતિમાન કોણે આપ્યું ?

(51) અહંકાર કોને કહેવાય ?

(52) પ્રચલિત બચાવ પ્રયુક્તિઓના નામ જણાવો.

(53) ઍમિલી કુ.નું સ્વઉપદેશ માટેનું જાણીતું કથન કયું છે ?

(54) કેશ્મર અને શૅલ્ડને શરીરના બાંધાના આધારે વ્યક્તિત્વના કયા પ્રકારો દર્શાવ્યા છે ?

(55) 'સ્વ'ની વ્યાખ્યા આપો.

(56) પરકીય જૂથ કોને કહેવાય ?

(57) નેતૃત્વની વ્યાખ્યા આપો.

(58) જૂથો શા માટે જરૂરી છે ?

(59) કઈ નેતૃત્વશૈલી સારી ગણાય ?

(60) જૂથ સંસક્તિને અસર કરતાં ઘટકો કયા કયા છે ?

(61) આપખુદ નેતાઓ હોય તેવા બે દૃષ્ટાંત આપો.

(62) સંમતિ મેળવવાની પ્રયુક્તિઓ માત્ર જણાવો.

(63) જૂથનું સંચાલનક્યારે બરાબર થાય છે ?

(64) સમાજમાં ક્રાંતિ કે આમૂલ પરિવર્તન કયા નેતાઓ લાવી શકે છે ?

(65) જૂથ સંસક્તિનો અભ્યાસ કઈ પદ્ધતિ દ્વારા થાય છે ?

(66) વ્યક્તિનું જૂથ પ્રત્યેનું આકર્ષણ ક્યારે વધુ હોય છે ?

(67) જૂથના ધોરણો કોને કહેવામાં આવે છે ?

(68) જૂથ હોવા માટે કઈ ત્રણ બાબતો જરૂરી છે ?

(69) કઈ બાબતોનો સમાન ઉપયોગ કરવાથી જૂથ અભિવૃદ્ધિ પામે છે ?

(70) સામાજિક સુસાધ્યતા એટલે શું ?

(71) સામાજિક નિરોધન એટલે શું ?

(72) જૂથમાં કઈ બાબત કેન્દ્રસ્થાને હોય છે ?

(73) જૂથની વ્યાખ્યા આપો.

(74) જૂથના મુખ્ય ત્રણ પ્રકારો જણાવો.

(75) પ્રાથમિક જૂથમાં જૂથનું સંચાલન અને નિયમન કઈ રીતે થાય છે ?

(76) અનુરૂપતા એટલે શું ?

(77) સૅલ્સમેન સંમતિ મેળવવા કયો વ્યૂહ અપનાવે છે ?

(78) મહાન માણસનો સિદ્ધાંત જણાવો.

(79) વિશાળ જૂથમાં નેતૃત્વનો શ્રેણીક્રમ દર્શાવો.

(80) પોષક કાર્ય નેતાઓ શેના દ્વારા જૂથના સભ્યોના વિકાસને મહત્ત્વ આપે છે ?

(81) કરિશ્મા એટલે શું ?

(82) કેવી માનસિક પ્રક્રિયાને સામાજિક બોધન કહે છે ?

(83) આંતરજૂથ સંઘર્ષનાં કયાં પરિણામો આવી શકે છે ?

(84) મનોવલણ એટલે શું ?

(85) મૂલ્યકરણ તુલાઓમાં ઉત્તરદાતાઓએ શું દર્શાવવાનું હોય છે ?

(86) મનોવલણના માપન માટે કયા કયા મનોવૈજ્ઞાનિકોએ તુલાઓ વિકસાવી છે ?

(87) પ્રત્યાપનની પ્રક્રિયાના કયાં ત્રણ પાસાંઓ મનોવલણ પરિવર્તન માટે ખૂબ જ મહત્ત્વનાં છે ?

(88) પૂર્વગ્રહ એટલે શું ?

(89) રૂઢ ખ્યાલો કોને કહેવાય ?

(90) ભેદભાવ કોને કહે છે ?

(91) વ્યક્તિ અને જૂથ વચ્ચે સંઘર્ષ ક્યારે થાય ?

(92) સામાજિક બોધનની એક અગત્યની રીત દર્શાવો.

(93) હાઈડરે બધાં કારણોનું વર્ગીકરણ કયા બે વિભાગોમાં કર્યું હતું ?

(94) મૂળભૂત આરોપણ ભૂલ કોને કહેવાય ?

(95) પરોપકાર એટલે શું ?

(96) મનોવલણના મુખય ત્રણ ઘટકો કયા છે ?

(97) કેવાં મનોવલણો સંપાદિત થાય છે ?

(98) બાળકો માટેનાં સંદર્ભ જૂથો કયાં છે ?

(99) કયા મનોવલણો વધુ સ્થિર હોય છે ?

(100) પૂર્વગ્રહોનું ભાવાત્મક પાસું શું સૂચવે છે ?

(101) મનોવલણના મુખ્ય બે લક્ષણો જણાવો.

(102) સમાજાભિમુખ વર્તન કયા ઘટકો પર આધાર રાખે છે ?

(103) પૂર્વગ્રહનું વાર્તનિક પાસુ શેનો નિર્દેશ કરે છે ?

(104) મનોભારથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય કયો છે ?

(105) માનસિક સંઘર્ષ ક્યારે થાય છે ?

(106) મનોભારના મુખ્ય ત્રણ પ્રકારો કયા કયા છે ?

(107) આયુર્વેદમાં જીવનશૈલીના કયા ચાર મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતોનું વર્ણન છે ?

(108) ઈજનેરીમાં ‘stress’ શબ્દનો શો અર્થ થાય છે ?

(109) કેવી વ્યક્તિઓ સફળ, સુખી અને સંતુષ્ટ બને છે ?

(110) કેવી વ્યક્તિઓનું સમાયોજન તંત્ર નબળું રહી જાય છે ?

(111) રિચાર્ડ લૅઝારસે મૂલ્યાંકનના કયા બે તબક્કાઓ વર્ણવ્યાં છે ?

(112) મનોભારક કોને કહેવાય ?

(113) ‘સામનો કે પલાયન’ જેવા શારીરિક પરિવર્તનો ક્યારે જન્મે છે ?

(114) કયા શારીરિક રોગોના પાયામાં મનોભાર કારણરૂપ હોય છે ?

(115) દબાણના કેન્દ્રમાં કઈ બાબતો હોય છે ?

(116) અવેજીકરણ એટલે શું ?

(117) સમાવેશન એટલે શું ?

(118) કેવી કુટેવો સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી, રોગોને આમંત્રણ આપે છે ?

(119) આયુર્વેદમાં સ્વાસ્થ્યની કઈ વ્યાખ્યા આપી છે ?

(120) કેવા આહારથી માંદગીનું જોખમ ઘટે છે ?

(121) અવક્ષેપક ઘટકો એટલે શું ?

(122) અસાધારણ વર્તન માટે કયાં જૈવિક કારણો જવાબદાર છે ?

(123) વિકૃતિ ભય કોને કહેવાય ?

(124) ગંભીર પ્રકારનો મનોરોગ કયો છે ?

(125) ખાઉધરાપણું એટલે શું ?

(126) કયા મનોવૈજ્ઞાનિકોના મતે સામાજિક વિકૃતિભય વિશિષ્ટ રીતે પૌંગંડાવસ્થા દરમિયાન વિકસે છે.

(127) વ્યક્તિત્વ વિકૃતિ કોને કહેવાય ?

(128) અસાધારણ વર્તન જન્માવનારાં મુખ્ય પરિબળો કયાં છે ?

(129) અનિવાર્ય વિચાર દબાણ કઈ બાબતો અંગેનાં હોય છે ?

(130) સામાન્ય ભય કોને કહેવાય ?

(131) દ્વિધ્રુવી વિકૃતિ એટલે શું ?

(132) માનસિક રોગોના વર્ગીકરણ માટે અમેરિકન મનોચિકિત્સક મંડળની કઈ પદ્ધતિ પ્રચલિત છે ?

(133) મનોદશાની વિકૃતિના પ્રકારો જણાવો.

(134) પૂર્વ પ્રવર્તક ઘટકો એટલે શું ?

(135) છિન્ન મનોવિકૃતિનો ભોગ બનેલી વ્યક્તિ કઈ મુશ્કેલીઓ અનુભવે છે ?

(136) આત્મરત વિકૃતિ એટલે શું ?

(137) બાળ ગુનેગારોનો ગુનો સાબિત થતાં ક્યાં મોકલવામાં આવે છે ?

(138) મનોદુર્બળ વ્યક્તિઓમાં કઈ ખામીઓ જોવા મળે છે ?

(139) સામાન્યકૃત વિકૃતિ ચિંતાને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(140) વિકૃત ભયના મુખ્ય ત્રણ પ્રકારો કયા છે ?

(141) વિકૃત ભય માટેનો અંગ્રેજી શબ્દ ગ્રીક ભાષાના કયા શબ્દ પરથી ઉતરી આવ્યો છે ? તેનો શો અર્થ થાય ?

(142) કઈ વિકૃતિવાળાં બાળકો માતા-પિતાથી અને ખાસ કરીને માતાથી જુદા પડવાની વધારે પડતી ચિંતા અનુભવે છે ?

(143) આહારસંબધી બે વિકૃતિઓનાં નામ જણાવો.

(144) મનોપચારની પ્રક્રિયાને મુખ્ય કેટલા ભાગમાં વહેંચવામાં આવે છે ? કયા કયા ?

(145) ઈન્સ્યુલિન ઉપચાર પાછળ કેવો તર્ક હતો ?

(146) કઈ મનોવિકૃતિઓમાં દવાઓ રાહતદાયક સાબિત થઈ છે ?

(147) મનોગત્યાત્મક ઉપચારમાં કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે ?

(148) પ્રાણાયામને કયા ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે ?

(149) મનોગત્યાત્મક ઉપચાર પદ્ધતિ કયા સિદ્ધાંત પર આધારિત છે ?

(150) પ્રતિરોધ દર્દીના કેવા વર્તન દ્વારા પ્રગટ થાય છે ?

(151) મનોપચારનું મુખ્ય ધ્યેય કયું છે ?

(152) મહર્ષિ પતંજલિના મત મુજબ યોગ એટલે શું ?

(153) પ્રતિરોધ એટલે શું ?

(154) ભાવ વિરેચનમાં દર્દી શું કરે છે ?

(155) કઈ સ્થિતિને ધ્યાન કહે છે ?

(156) પ્રત્યાહાર એટલે શું ?

(157) ઉપચારના તબક્કામાં શેનો સમાવેશ થાય છે ?

(158) સમાધિ એટલે શું ?

(159) પ્રાણાયામ એટલે શું ?

(160) યોગનાં આઠ અંગોના નામ જણાવો.

(161) મનોગત્યાત્મક પદ્ધતિના પ્રણેતા કોણ હતા ?

(162) યમમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(163) ઉપચારકે દર્દીને કઈ બાબતની ખાતરી આપવી પડે છે ?

(164) ઉપચારના અભિગમોનું મુખ્ય ધ્યેય કયું છે ?

(165) સ્થાનાંતરણ એટલે શું ?

(166) ગીચતા શેનો નિર્દેશ કરે છે ?

(167) કઈ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓને વર્તન તરીકે ઓળખવામાં આવે છે ?

(168) ફ્રિજમાં કયો વાયુ વપરાય છે ?

(169) ઘોંઘાટ કોને કહે છે ?

(170) ભીડ શાનો નિર્દેશ કરે છે ?

